# નર્મદા જીલ્લાના પશુપાલકોને પ્રેરણા પ્રવાસ અંતર્ગત કૃષિ સંશોધન કેન્દ્ર, કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામની મુલાકાત લીધી

નર્મદા અને રાજપીપળા તાલુકાના કુલ ૪૩ (પુરુષ: ૩૯ અને સ્ત્રી: ૦૪) પશુપાલકો/ખેડૂતોએ જીલ્લા બહાર પ્રેરણા પ્રાવાસ અંતર્ગત ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, પ્રાકૃતિક ખેતી, પાકની વિવિધ જાતો અને કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીનાં કૃષિ મહાવિદ્યાલય ખાતે કાર્યરત કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામની ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ નાં રોજ મુલાકાત લીધી. આ મુલાકાત અંતર્ગત ડૉ. સંજય એન. મકવાણા (મદદનીશ પ્રાધ્યાપક) એ જબુગામ ખાતે વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવેલ વિવિધ પાકની જાતો જેવી કે કઠોળ પાકમાં અડદની શ્યામલ, બાગાયતમા આંબાની રસરાજ, કેળની આણંદ વામન અને પ્રાસાદમ જાત જેવા પાકો વિષે વિસ્તૃત માહિતી આપી અને આ જાતના ઉપયોગથી થતા ફાયદાઓ વિષે પશુપાલકો/ખેડૂતોને માહિતગાર કર્યા. આ ઉપરાંત મકાઈ પાકની નવીનતમ જાત આણંદ ટોલ વિશેષ કરીને પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતો માટે ખુબ જ ફાયદાકારક છે તે વિષે ખેડૂતોને માહિતી આપીને તેના વાવેતર કરવા માટેનું પ્રોત્સાહન આપ્યું અને હાલમાં પ્રાકૃતિક ખેતી પર સંશોધન કાર્ય હેઠળ કાર્યરત આણંદ વામન કેળ વિષે પશુપાલકો/ખેડૂતોને માહિતી આપવામાં આવી.

મુલાકાતનાં અંતે ડૉ. કે. એચ. રાઠવા (નાયબ પશુપાલન નિયામકશ્રી) સાહેબ દ્વારા સર્વે પશુપાલકો/ખેડૂતોને તરફથી કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામનાં આચાર્યશ્રી અને અન્ય તમામ સ્ટાફ મિત્રોનો અભાર વ્યક્ત કરવામાં આવ્યો.


RESEARCH/SEED FARM
COLLEGE OF AGRICULTURE






AAU
Agricultural Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur